GJRJ040043482024

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૦૭/૧૧/૨૦૨૪ | | |
| દાખલ તારીખ | : | ૦૭/૧૧/૨૦૨૪ | | |
| નિર્ણય તારીખ | : | ૧૬/૦૩/૨૦૨૬ | | |
| કુલ અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૧ | ૦૪ | ૦૯ |

**<u>ગોંડલના ત્રીજા એડી ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ગોંડલ.</u>**

**<u>ક્રો.પ.અ.નં. ૫૩૬/૨૦૨૪</u>**

**<u>આંક : ૪૧</u>**

અરજદાર **:** (૧) **સનાબાનુ વા/ઓ અફઝલહુસેન ફારૂકી, તે ડો/ઓ યુસુફમીયા ખાલીદમીયા કાદરી,**
ઉ.વ.આ.–૨૧, ધંધો–કાઈનહી,
ધર્મે–સૈયદ મુસ્લીમ,

(૨) **સગીર પુત્ર મહંમદ અરહમ સ/ઓ. અફઝલહુસેન ફારૂકી,**
ઉ.વ.આ.–૧, ધંધો–માતૃછાયા,
ધર્મે–મુસ્લીમ,
નં. ૨ સગીર સબબ તેના વાલી માતા દરજ્જે અરજદાર નં. ૧
બંને હાલ રહે. મું. ગોંડલ, ઠે. ૧૫/૮, ભગવતપરા, શાહમદાર ફ્લોર મીલ સામે, તા. ગોંડલ, જી. રાજકોટ.

**વિરૂધ્ધ**

**સામાવાળાઓ :** (૧) **અફઝલહુસેન સ/ઓ. મહમદહુસેન ઉર્ફે મુન્નાબાપુ ફારૂકી (પતિ)**
ઉ.વ.આ.–૩૨, ધર્મે–મુસ્લીમ,
ધંધો–નગરપાલીકામાં નોકરી,

(૨) **કૌશરબાનુ વા/ઓ. મહમદહુસેન ફારૂકી (સાસુ)**
ઉ.વ.આ.–૫૫ , ધર્મે–મુસ્લીમ,
ધંધો–ઘરકામ,

(૩) **અસનતબાનુ ડો/ઓ. મહમદહુસેન ફારૂકી (મોટા નણંદ)**
ઉ.વ.આ.–૨૨, ધર્મે–મુસ્લીમ,
ધંધો–કોલેજ અભ્યાસ,

(૪) **કનીજફાતેમા ડો/ઓ. મહમદહુસેન ફારૂકી (નાના નણંદ)**
ઉ.વ.આ.–૧૯, ધર્મે–મુસ્લીમ,
ધંધો–અભ્યાસ,
બધા રહે. મું. સુરેન્દ્રનગર, ઠે. નુરે મહંમદ સોસાયટી, જુનુ રેલ્વે જંકશન, ભુરાભાઇના પાનના ગલ્લા સામે, ''બાગે રહિમી મંઝીલ, જી. સુરેન્દ્રનગર.

**ધી ડોમેસ્ટીક વાયોલન્સ એકટ – ૨૦૦૫ ની કલમઃ ઘરેલુ હિંસા કાયદાની કલમ – ૧૭ થી ૨૩ મુજબ .....**

---

**અરજદાર તરફે વિ.વ.શ્રી કે.જે.બ્લોચ**

**સામાવાળા તરફે વિ.વ.શ્રી જે.એન.જાડેજા**

---

**–// ચુકા દો //–**

(૧) **અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે,**

૧.૧) અરજદારે તેમની હાલની અરજીમાં જણાવેલ છે કે, આ કામના સામાવાળા નં.૧ સાથે અરજદાર નં. ૧ ના લગ્ન/નિકાહ તા.૧૬/૧૦/૨૦૨૨ ના રોજ ગોંડલ મુકામે અમારી જ્ઞાતીના રીત રીવાજ તથા મુસ્લીમ શરીયતના આધીન થયેલા ત્યારથી અરજદાર નં.૧ તથા સામાવાળા નં.૧ કાયદેસરના પતિ પત્ની છે. આમ ત્યારથી સામાવાળા નં. ૧ અરજદાર નં. ૧ ના કાયદેસરના પતિ થાય છે અને સામાવાળા નં.ર અરજદારના સાસુ થાય છે અને સામાવાળા નં.૩, ૪ બંને અરજદારના નણંદો થાય છે અને તેઓ બધા ઉપરોકત સ્થળે સયુંકત કુટુંબમાં રહે છે.

૧.ર) અરજદારે તેમની હાલની અરજીમાં જણાવેલ છે કે, અરજદાર નં.૧ અને સામાવાળા નં.૧ ના આ લગ્નજીવનથી અમારે સંતાનમાં

બંનેના સહવાસથી એક પુત્ર "મહંમદ અરહમ"નો જન્મ થયેલ જેની ઉમર હાલ–૧ વર્ષની છે જે પુત્ર હાલ અરજદાર નં. ૧ ની પાસે છે અને અમારી સાથે જ માતૃછાયામા રહે છે. અરજદાર નં.૧ નિકાહ બાદ આ કામના સામાવાળાઓ સાથે તેમના નિવાસ સ્થાને સુરેન્દ્રનગર મુકામે સયુંકત કુટુંબમા અમારા સ્ત્રીધનનો કર કરીયાવર દર દાગીના સાથે લઈ રહેવા ગયેલા અને તે સામાવાળાઓના સયુંકત કુટુંબમા સાથે રહેતા હતા.

૧.૩) અરજદારે તેમની હાલની અરજીમાં જણાવેલ છે કે, સામાવાળા નં.૧ સાથેનું લગ્નજીવન શરૂઆતમાં સારી રીતે ચાલતુ અને સામાવાળા નં.૧ ના સહવાસથી હું અરજદાર નં. ૧ સગર્ભા થયેલ અને તા.૧૪/૮/૨૦૨૩ ના રોજ પુત્ર "મહંમદ અરહમ"નો જન્મ થયેલ જે આ કામમા અરજદાર નં. ૨ ના છે. જે હાલ અરજદાર પાસે છે અને અમારી સાથે રહે છે. અરજદારનું સામાવાળા સાથે લગ્ન જીવન બગડવા લાગેલ કારણ કે લગ્ન સમયે અમારે સામાવાળા નં. ૧ સાથે તથા તેમના માતા પિતા સાથે વાત બનેલ કે, સામાવાળા નં.૧ ગાંધીનગર સરકારી નોકરી કરે છે અને તેમને અપડાઉન કરવુ પડે છે જેથી અમોને તમારી દિકરીની નિકાહ જલદી કરાવી આપો કારણકે તેમનો ગાંધીનગરમાં બહાર જમવુ પડે છે અને હેરાન સામાવાળા નં. ૧ થાય છે. જેથી અરજદાર નં.૧ માતા પિતાએ બોલી મુજબ નિકાહ કરાવી આપેલ અને ત્યારબાદ આ કામે સામાવાળા નં. ૧ તથા તેમના ઘરના સભ્યોએ અરજદાર નં.૧ નાને ગાંધીનગર આજદીન સુધી મોકલેલ જ નહી અને સુરેન્દ્રનગર જ રહેવાનું છે તે મુજબ સામાવાળાઓ વાતની બોલી ઉપર ઉભા રહેલ નહી આમ, અરજદાર નં.૧ સાથે ઘરમા તનાવ ઉભો થયેલ ત્યારબાદ મારા સાસુ તથા નણંદો બંને મને શારીરીક અને માનસીક દુઃખ ત્રાસ આપવા લાગેલ અને અમો ગરીબ મા–બાપની દિકરી હોય અને પુત્ર “મહંમદ અરહમ" ના જન્મ થયેલ પછી તેમના ભવિષ્યનો વિચાર કરી દુઃખ સહન કરતા. આમ, સામાવાળા નં. ૧ ના ગાંધીનગરથી સુરેન્દ્રનગર

મહીનામા બે વખત આવતા અને અ અરજદાર સામાવાળા નં.૧ ને ગાંધીનગર લઈ જવાનુ કહીએ તો મારા સાથે ઝગડો કરતા જેથી અમારા પાસે સામાવાળા નં.૧ ની ગેરહાજરી રહેતી જેથી સામાવાળા નં.૨,૩, ૪ એકસંપ કરીને શારીરીક અને માનસીક દુઃખ ત્રાસ આપતા હતા.

૧.૪) અરજદારે તેમની હાલની અરજીમાં જણાવેલ છે કે, અરજદાર નં.૧ ના અમારા માતા પિતા સાથે ગોંડલ ફોનમાં વાત કરીએ તો તે સામાવાળા નં. ૨ તથા ૩ ના મોબાઈલમાં રેકોડીંગ કરી લ્યે અને સામાવાળા નં.૧ ના જયારે સુરેન્દ્રનગર આવે ત્યારે તેમને રેકોડીંગ સંભળાવે અને તેના ઉપરથી સામાવાળા નં. ૧ મારા પતિ ઉશ્કેરાઈ જઈને અમો અરજદારને જેમ ફાવે તેમ બોલે અને અમોને હળદુત કરતા અને માર મારતા અને સામાવાળા નં. ૧ મારા સાસુ તથા બંને મારા નણંદો રસોઈ બનાવવામા મારો વોક કાઢીને મને ગાળો આપે અને સામાવાળા નં.૧ મારા પતિને કાન ભંભેરણી કરીને મને માર ખવરાવતા અને મારા સાસુ, નણંદો બંને મને કરીયાવર બાબતે મેણાટોણા મારતા કે, "તુ ભીખારીની દિકરી છો દહેજમા તારા મા–બાપે કોઈ કિંમતી સામાન, ઘરેણા આપેલ નથી અને અમોને બટકાવી દીધેલ છે. આમ, અમો ગરીબ મા–બાપની દિકરી હોય મારા પિતાની ઈજ્જત ને લઈને આ કામના સામાવાળાઓનો આવો દુઃખ ત્રાસ મુંગા મોઢે સહન કરતી હતી.

૧.૫) અરજદારે તેમની હાલની અરજીમાં જણાવેલ છે કે, અરજદારે સામાવાળા નં.૧ ને આ બાબતે વાત કરેલ પરંતુ સામાવાળા નં. ૧ મારી વાતનો કોઈ વિચાર ન કરેલ અને સામાવાળા નં. ૨, ૩, ૪ મારા સાસુ અને બંને નણંદોનો પક્ષ લઈ પોતે પણ મને એક સંપ કરી મારકુટ કરવા લાગેલ અને અરજદાર નં.૨ પુત્ર 'મહંમદ અરહમ'ના દવા દારૂ અંગે તથા તેની માવજત માટે કોઈ રકમ આપતા નહી અને માંગણી કરૂ તો ઉશ્કેરાઈ જતા અને ઘરમાં ઝગડો કરતા અને સામાવાળાઓ મને આડોશ પાડોશમા કોઈ જગ્યાએ બેસવા

ઉઠવા દેતા નહી આમ ઉપરોકત દુઃખ ત્રાસ હું મુંગા મોઢે સહન કરતી બધા લોકોનો ત્રાસ સહન કરતી અને મારો ઘર સંસાર આગળ ચલાવતી હતી.

૧.૬) અરજદારે તેમની હાલની અરજીમાં જણાવેલ છે કે, સામાવાળા નં. ૧ હાલ ગાંધીનગર મુકામે મહાનગરપાલીકામા કાયમી ધોરણે કલાર્ક તરીકે સરકારી નોકરી અંગે ફરજ બજાછે છે અને સુરેન્દ્રનગરથી ગાંધીનગર ૧૫ દિવસના ગાળે અપડાઉન કરે છે અને પાછળથી સામાવાળા નં. ૨, ૩ અને ૪ મારા સાસુ અને બંને નણંદો મને મેણા ટોણા મારીને ઘર કંકાસ કરી ત્રાસ આપે છે અને સામાવાળા નં. ૧ જયારે સુરેન્દ્રનગર આવે ત્યારે સામાવાળા નં. ૨, ૩ અને ૪ અરજદારની ચડામણી કરે અને સામાવાળા નં.૧ મારી સાથે ઝગડો કરી મને માર મારતા અને અરજદાર તથા બાળકની ખર્ચની રકમ કાંઈ આપતા નહી કે કોઈ અરજદારોની સાર સંભાળ લેતા નહી અને મારા માવતર ગોંડલ રાજીખુશીથી અંગેનો કોઈ ફોન કરવા દેતા નહી જેથી હું ગરીબ ખાનદાન માવતરની દિકરી હોય મારા બાળકના ભવિષ્યનો વિચાર કરીને સામાવાળા નં.૧ સાથે મારે ઘર ચલાવવુ હોય જેથી સામાવાળાઓનો આવો દુઃખ ત્રાસ મુંગા મોઢે સહન કરતા હતા.

૧.૭) અરજદારે તેમની હાલની અરજીમાં જણાવેલ છે કે, સામાવાળા તથા અરજદાર ધોરાજી મુકામે સુન્નત સાદીનો પ્રસંગ હોવાથી અમો બધા સુરેન્દ્રનગરથી ધોરાજી આવેલા અને તે પ્રસંગ પુરો થતા સામાવાળા નં.૧ નાએ અરજદારને કહેલ કે, "ધોરાજીથી ગોંડલ તારા માવતરને ત્યાં આંટો મારતા જઈએ" આમ, અરજદાર તથા સામાવાળા નં. ૧ તથા તેમના ઘરના ગોંડલ મુકામે તા.૧૫/૨/૨૦૨૪ ના રોજ આવેલ અને અરજદારને કહેલ કે, "તુ હમણા ગોંડલ આવેલ નથી જેથી તુ અહીંયા પુત્ર સાથે બે દિવસ રોકાય જા પછી હું આવીને તને તેડી જઈશ'' આમ અરજદારને મારા પતિ સામાવાળા નં. ૧ નાએ કહેલ અને અમો ગોંડલ અમારા

માવતરને ત્યાં રોકાય ગયેલા ત્યારબાદ બે દિવસથી વધારે સમય પસાર થઈ જવાથી અરજદારના પિતાએ સામાવાળા નં.૧ ને ફોન કરેલ કે, ''તમો અમારી દિકરીને તેડવા કયારે આવો છો'' તો સામાવાળા નં. ૧ નાએ મારા પિતાને ઉડાવ જવાબ આપેલ કે, "હું ઘરે જઈને તમને જણાવીશ" આમ મારા પિતાએ બે દિવસ જતા કર્યા પછી પાછુ તેડવા અંગે સામાવાળાને જણાવેલ તો સામાવાળા નં.૧ નાએ તેમના માતા સામાવાળા નં.૨ ને ફોન આપેલ અને વાત કરતા કહેલ કે, "મારી બહેન 'મેહજબીન'ને પુછીને તમને કહીશ" આમ, અરજદારના પિતાએ થોડો સમય રાહ જોઈને ફરીવાર સામાવાળાને અમોને તેડી જવા અંગે ફોન કરેલ તો સામાવાળા નં.૨ નાએ મારા પિતાને જણાવેલ કે, "મારા બેન મેહજબીનબાનુ એ કહેલ કે આપણે તે છોકરી જોઈતી નથી તેમને તેના માવતરમાં પડી રહેવા દો" આમ, સામાવાળાનો અરજદારોને તેડવાનો કોઈ ઈરાદો નથી તેવુ સ્પષ્ટ નકકી થયેલ અને સામાવાળાઓને અમારા લાગતા વળગતા સગા સબંધીઓ મારફતે અમોને તેડી જાય તેવા ઘણા પ્રયત્નો કરેલ પરંતુ અરજદાર નં. ૧ તથા અરજદાર નં. ૨ ના બાળક અંગે આજદીન સુધી કોઈ તેડવાની કે ભરણપોષણ અંગે દરકાર કરેલ નથી આમ અરજદારો ત્યારથી મારા માતા પિતાના ઘેર ઓશીયાળુ જીવન ગુજારીએ છીએ અને સામાવાળા તથા તેમના ઘરના સભ્યોના અતિ દુઃખ ત્રાસના કારણે મારે મારા પતિનુ ઘરસંસાર મુકવા તથા સામાવાળાઓના દુઃખ ત્રાસના કારણે ઘરસંસારનો ત્યાગ કરાવેલ છે અને ઘર મુકાવેલ છે અને તે માટે અર્મો અરજદારને મજબુર બનવુ પડયુ છે.

૧.૮) અરજદારે તેમની હાલની અરજીમાં જણાવેલ છે કે, સામાવાળાઓએ અત્યાર સુધી અરજદારોના ભરણપોષણ અંગે કોઈ દરકાર કરેલ નથી કે અમોને તેડી જવા માટે કોઈ પ્રત્યનો કરેલ નથી. જેથી હાલની આ અરજી કરવાની ફરજ પડેલ છે. અરજદાર તથા મારા માતા પિતાએ સામાવાળાઓને ફોન ધ્વારા અમોને તેડી જવા માટે

કહેતા સામાવાળાઓએ કોઈ બાબતે ધ્યાન આપેલ નથી ઉલ્ટાનુ ફોનમાં જણાવેલ કે, "તારે જયાં મારા વિરૂધ્ધ ફરીયાદ કરવી હોય કે કોર્ટમાં જાવુ હોય તુ જા મારૂ કોઈ કાંઈ બગાડી નહી લ્યે" આવો જવાબ આપી દીધેલ છે. જેથી આ અરજી કરવા ફરજ પડેલ છે.

૧.૯) અરજદારે તેમની હાલની અરજીમાં જણાવેલ છે કે, અરજદાર કોઈ હુન્નર ઉદ્યોગ જાણતા નથી કે મારે આવક અંગે કોઈ સાધન નથી હાલમા હું મારા સગીર પુત્ર સાથે ગોંડલ મુકામે માતા પિતા સાથે ભાડાના મકાનમાં રહીએ છીએ અને ઓશીયાળુ જીવન જિવીએ છીએ. જયારે આ કામના સામાવાળા નં. ૧ ગાંધીનગર મુકામે મહાનગરપાલીકામાં કાયમી ધોરણે કલાર્ક તરીકે સરકારી નોકરી કરે છે અને માસીક રૂા. ૩૫,૦૦૦/–પાત્રીસ હજાર પગાર મેળવે છે અને સામાવાળાના સુરેન્દ્રનગરમા સીટી એરીયામાં ઘરના મકાન આવેલ છે. તેમની આજના ભાવે મકાનની કિંમત આશરે રૂા. ૮૦,૦૦,૦૦૦/– એસી લાખ જેવી થાય છે અને સામાવાળાના ઘરના મકાનની બાજુમાં રહેણાંક માટે પોતાનો ૧૦૦ ચો.વારનો પ્લોટ આવેલ છે તથા લીંબડી તાલુકાના ભથાણ ગામે ખેતીની જમીન આવેલ છે તેમની વાર્ષિક ઉપજ ખર્ચ બાદ કરતા રૂા. ૩,૦૦,૦૦૦/– થી રૂા. ૪,૦૦,૦૦૦/– ચોખ્ખી મેળવે છે તથા ઘરમા રાચરચીલુ અને એક ફોરવીલ વેગનઆર કાર પોતાની છે તથા બે એકટીવા મો.સા. એમ તમામ જીવન જરૂરીયાત મુજબ પુરેપુરા સક્ષમ છે તથા સામાવાળા નં. ૧ સધ્ધર અને સક્ષમ છે. સામાવાળા નં.૧ ના પિતા પોતે ધર્મગુરૂ તરીકે છે જેથી તેમના શિષ્યો અનુયાઈઓ મોટા પાયે છે જેથી તેમની ગુરૂ દક્ષિણા મેળવી મોટા પાયે આવક મેળવે છે. જેથી સામાવાળા નં. ૧ ઉપર અરજદારો સિવાય બીજા અન્ય કોઈની ભરણપોષણની જવાબદારી નથી. આમ, સામાવાળા ઓ આર્થિક રીતે સુખી સંપન્ન માણસ છે.

૧.૧૦) અરજદારે તેમની હાલની અરજીમાં જણાવેલ છે કે, આમ આ કામના સામાવાળાઓએ અરજદારને હિંસાનો ભોગ

બનાવેલ હોય અને એનકેન પ્રકારે શારીરીક અને માનસીક દુઃખ ત્રાસ આપી, ઢોરમાર મારી ઘરેલુ હિંસાનો ભોગ બનાવેલ છે. આમ સામાવાળા નં. ૧ નાએ અમોને ધોરાજી સુન્નત શાદી પ્રસંગમા લઈ જઈ અને મનમા કપટ રાખી અમારા માવતરે ગોંડલ બે દિવસ રોકાવાના બહાને મુકી ગયેલ અને તે રીતે સામાવાળાઓએ ઘરેલુ હિંસા આચરેલ છે અને ત્યારબાદ અમોએ તથા મારા પિતાએ સામાવાળાઓને અમોને તેડી જવાનું કહેતા બહાના બતાવી તા.૧૫/૨/૨૦૨૪ ના રોજથી લઈ આજદીન સુધી અરજદાર તથા સગીર પુત્રની કોઈ સાર સંભાળ લીધેલ નથી કે અમોને આજદીન સુધી તેડી ગયેલ નથી કે અમારી રહેવાની કે ભરણપોષણની કોઈ વ્યવસ્થા કરેલ નથી. જેથી ના છુટકે અમારે હાલની આ ઘરેલુ હિંસાની અરજી કરી મકાન ભાડા તથા અન્ય નાણાંકીય રાહત મેળવવાની અરજી કરી હાલના ઈલાજો લેવાની ફરજ પડેલ છે.

૧.૧૧) વધુમાં અરજદારે અરજીમાં જણાવ્યા મુજબની કલમ ૧૭ થી ૨૩ મુજબની દાદ માંગેલ છે અને અરજદારને મકાન ભાડા પેટે રૂા. ૧૦,૦૦૦/– તથા ઘરેલું હિંસાથી રક્ષણ અપાવવા તથા સ્ત્રીધન કરીયાવર તથા ફરીયાદ સાથેના લીસ્ટ મુજબનો માલસામાન સામાવાળાઓના કબજામાંથી પરત અપાવવા તથા અરજદારો નં. ૧ ના ભરણપોષણ તથા નિભાવ માટે દર મહીને રૂા. ૧૦,૦૦૦/– તથા સગીર પુત્રને રૂા. ૫૦૦૦/– મહીને ભરણપોષણની માંગણી કરેલ છે તેમજ ઘરેલું હિંસાથી ભોગવવી પડેલ માનસીક યાતના લાગણીશીલ પીડા સહન કરવા બદલ વળતર પેટે રૂા. ૨,૦૦,૦૦૦/– ની માંગણી કરેલ છે. તેમજ વચગાળાની રાહત અપાવવા તથા અરજી ખર્ચની માંગણી કરેલ છે.

(૨) અરજદારની હાલની અરજી અન્વયે સામાવાળાને કારણદર્શક નોટીસ કરતા સામાવાળા નં. ૧ નાઓ હાજર થઈ આંક–૦૬ થી અરજદારની અરજી વિરૂધ્ધ લેખીત જવાબ વાંધાઓ રજુ કરી અરજીની અન્ય તમામ હકીકતોનું વર્ણન કરી તેનો ઈન્કાર કરી અરજદારે અરજીમાં

કરેલ આક્ષેપો પુરાવાથી પુરવાર કરવા જોઇએ તેમ જણાવી, વધુમાં જણાવેલ છે કે, કોલમ–૧ ની હકિકતે જણાવવાનું કે, કોલમ–૧ માં જણાવેલ હકિકત સત્ય અને ખરી છે. પેરા–૨ ની વિગતે જણાવવાનું કે, આ કામના અરજદાર અને સામાવાળાના પુત્ર મહમદ અરહમનો જન્મ વર્ષ–૨૦૨૩ થયેલ, જે પુત્ર હાલ અરજદાર પાસે છે, અને સામાવાળાએ મારા પુત્રના પાલનપોષણ માટે મારા કુટુંબી સાઢુભાઈને રૂા. ૪૦૦૦/– એકાઉન્ટમાં ટ્રાન્સફર મારફત તા. ૧૩/૦૨/૨૦૨૪ ના રોજ આપેલા, તેમજ રૂા.૨૫૦૦/– અરજદાર છેલ્લે પોતાના માતા–પિતાના ઘરે ગયેલ ત્યારે હાથમાં આપેલા તેમજ રૂા.૭૦૦૦/– રોકડા આપેલા તેમજ મારા પુત્ર માટે ૨૭ જોડી નવા કપડા તથા નવા રમકડાં તેમજ બાળકને લગતી જરૂરી ઘરવખરીનો સામાન તા.૨૮/૦૮/૨૦૨૪ ના રોજ પ્રાઈવેટ પવન કુરીયર મારફત તેઓના સરનામે મોકલાવેલા હતા. પેરા–૩ ની વિગતે જણાવવાનું કે, અરજદાર સામાવાળા સાથે સંયુકત કુટુંબમાં રહેવા આવેલાની વાત ખરી છે, બાકીની તમામ હકીકત ખોટી છે, અરજદાર અમારી સાથે લગ્ન કરીને આવેલા ત્યારે માત્ર પોતાના પહેરેલ કપડે અમારી સાથે સંસાર ચલાવવા ઘરે આવેલા હતા. પેરા–૪ ની વિગતે જણાવવાનું કે, અરજદારે જણાવેલ કે, લગ્ન જીવન શરૂઆતથી જ સારું ચાલતું, અમો તેને હંમેશા સારી રીતે રાખેલ ત્યારબાદ સામાવાળા નં.૧ ના સહવાસથી અરજદાર સગર્ભા થયેલ અને તા. ૧૪/૦૮/૨૦૨૩ ના રોજ પુત્ર નામે મહમદ અરહમનો જન્મ થયેલ, તે વાત ખરી છે, તે સિવાયની પેરા–૪ માં જણાવેલ હકીકતથી વિપરીત અને ખોટી છે, તેનો સ્પષ્ટપણે ઈન્કાર કરીએ છીએ. વિશેષમાં જણાવવાનું કે, અરજદાર સામાવાળા સાથે રોજ ઝઘડો કરી ગાંધીનગર મુકામે અલગ રહેવા માટે જીદ અને ઝઘડો કરતા હતા, સામાવાળા દરરોજ સુરેન્દ્રનગરથી ગાંધીનગર નોકરીએ જવા માટે સવારની ટ્રેનમાં ગાંધીનગર જવા રવાના થતા અને સાંજના ૮:૦૦ વાગ્યે પરત સુરેન્દ્રનગર આવી જતા હતા, સુરેન્દ્રનગરથી સવારે નોકરીએ જતી વખતે અરજદાર કયારેય પણ જાગતા નહી,

સામાવાળા માટે નાસ્તો કે ચા પણ બનાવી દેતા નહી, બપોરના જમવા માટે ટીફીન પણ બનાવી દેતા નહી, એક વખત સામાવાળા નં.૨ એ અરજદારને સમજાવેલ કે, મારો પુત્ર સવારે ટીફીન વિના જાય છે તો તમે ટીફીન બનાવી આપો તો બહાર જમવા ન જવું પડે, જેથી અરજદાર ઉશ્કેરાઈને સામાવાળા નં.૨ સાથે ઝઘડો કરવા લાગેલ અને અરજદારના પિતાને અરજદારે ફોન કરી વાત કરતા અરજદારના પિતાએ સામાવાળાને ફોન કરી ધમકાવેલ કે, મારી દિકરી તારા ટીફીનના લીધે સવારે જાગી શકે નહી તું બહાર જમી લેજે, તેમ કહી ઝઘડો કરેલ હતો. પેરા–૫ ની વિગતે જણાવવાનું કે, પૈરા–૫ ની હકિકત ખોટી અને ઉપજાવી કાઢેલ છે તેનો સ્પષ્ટપણે ઈન્કાર કરવામાં આવે છે, પેરા–૬ ની વિગતે જણાવવાનું કે, સામાવાળા નં. ૧ ગાંધીનગર નગરપાલિકામાં કલાર્ક તરીકે નોકરી કરતા હોવાની વાત ખરી છે પરંતુ તે સિવાયની પેરા–૬ ની હકિકત ખોટી અને ઉપજાવી કાઢેલ છે, અરજદાર સુરેન્દ્રનગરથી ગાંધીનગર દરરોજ ટ્રેનમાં અપડાઉન કરે છે. પેરા–૭ ની વિગતે જણાવવાનું કે, પેરા–૭ માં જણાવેલ તમામ હકીકત ખોટી અને ઉપજાવી કાઢેલ છે, ખરી હકિકતે અરજદારના પિતાશ્રીનો ફેબ્રુઆરીના રોજ ફોન આવેલ કે, તા.૧૦/૦૨/૨૦૨૪ ના રોજ તેમના દાદીનો ફાતિયો છે, તો મુકી જાવ, જેથી સામાવાળા તા.૦૮–૦૯/૦૨/૨૦૨૪ ના રોજ ધોરાજી તેમના મામાના ઘરે અરજદાર સાથે ગયેલા, ત્યાંથી તા. ૧૦/૦૨/૨૦૨૪ ના રોજ અરજદારના પિતાશ્રીના ઘરે મુકી ગયેલા, ત્યારે અરજદારના પિતાએ એવું કહેલ કે, ૮ દિવસ મારી પુત્રીને રોકાવા દેજો, ત્યારબાદ અરજદારને તેડવા માટે ફોન કરેલ તો અરજદારે એવું જણાવેલ કે, તા.૦૪/૦૩/૨૦૨૪ ના રોજ મારા કુવાને ત્યાં ઉમરાહનો પ્રસંગ છે, તો ત્યારપછી આવી જઈશ, ત્યારબાદ ફોન કરતા અરજદાર આવેલ નહી અને સામાવાળા સાથે ફોનમાં ઝઘડો કરવા લાગેલ ત્યારબાદ તા.૨૯/૦૩/૨૦૨૪ ના રોજ અરજદારને તેડવા માટે સામાવાળા તથા સામાવાળા નં.૧ ના પિતા, માસા, માસી અને મામા અરજદારના ઘરે આવેલ પરંતુ તેઓએ

સામાવાળા તથા તેના પરિવારને અપમાન કરી કાઢી મુકેલા તેમજ તા.૩૧/૦૮/૨૦૨૪ ના રોજ સામાવાળા નં. ૨ તથા સામાવાળા નં.૧ ના માસી, માસા, મામા તેડવા માટે આવેલા પરંતુ અરજદારે તથા તેમના પરીવારે અપમાનીત કરી અને અરજદારને સાથે મોકલેલ નહી અને એવું જણાવેલ કે, તમોને હવે કોર્ટમાં ઢસડીને સરકારી નોકરીમાંથી કઢાવી જેલ ભેગો કરાવીશ તેવું અરજદારના પિતાએ જણાવેલ હતું એટલે અરજદાર અમારી સાથે નામદાર કોર્ટમાં પણ અમોએ તા.૨૦/૦૧/૨૦૨૫ ના રોજ સામાવાળા તથા સામાવાળાના પિતા, માતા તથા મામા, મામી આવેલા અને અરજદારને તેડી જવા માટે તૈયાર હોવા છતા અમારી સાથે આવેલ નહી. પેરા–૮ ની વિગતે જણાવવાનું કે, પેરા–૮ ની હકીકત તદ્દન ખોટી અને પાયાવિહોણી છે, ખોટી છે તેનો સ્પષ્ટપણે ઈન્કાર કરીએ છીએ, અરજદારને તેડવા માટે સામાવાળા તથા સામાવાળા નં.૧ ના પિતા, માસા, માસી અને મામા અરજદારના ઘરે આવેલ પરંતુ તેઓએ સામાવાળા તથા તેના પરિવારને અપમાન કરી કાઢી મુકેલા અને તમોને હવે કોર્ટમાં ઢસડીને સરકારી નોકરીમાંથી કઢાવી જેલ ભેગો કરાવીશ તેવું અરજદારના પિતાએ જણાવેલ હતું એટલે અરજદાર અમારી સાથે નામદાર કોર્ટમાં પણ અમોએ તા.૨૦/૦૧/૨૦૨૫ ના રોજ સામાવાળા તથા સામાવાળાના પિતા, માતા તથા મામા, મામી આવેલા અને અરજદારને તેડી જવા માટે તૈયાર હોવા છતા અમારી સાથે આવેલ નહી. પેરા–૯ ની વિગતે જણાવવાનું કે, પેરા–૯ માં જણાવેલ હકીકત ખરી નથી, અરજદાર સિવણનો હુનર જાણે છે, સિલાઈકામ કરે છે, મહેંદી મુકવાનું કામ, બ્યુટી પાર્લરનું કામ કરે છે, જેથી કોઈ હુન્નર ઉદ્યોગ ન જાણતા હોવાની હકિકત ખોટી જણાવે છે. પેરા–૧૦ ની વિગતે જણાવવાનું કે, પેરા–૧૦ માં જણાવેલ હકીકતે સામાવાળા નં.૧ મહાનગરપાલિકામાં નોકરી કરતા હોવાની વાત ખરી છે, તે સિવાય મકાન રૂા.૮૦,૦૦,૦૦૦/–ની કિંમતનું હોય તે હકીકત ખોટી છે. ૧૦૦ વારનો પ્લોટ આવેલ છે તે પણ હકીકત ખોટી છે, ખેતીમાં ૩

થી ૪ લાખની આવક ખોટી હકીકત છે જમીન બીનઉપજાઉ છે, જે તમામ હકિકત ખરી નથી, ખોટી અને ઉપજાવી કાઢેલ છે. પેરા–૧૧ ની વિગતે જણાવવાનું કે, પેરા–૧૧ ની હકિકત તદ્દન ખોટી છે, ઉપર સામાવાળાએ જણાવેલ પેરા–૭ માં જણાવ્યા મુજબ હકીકત ખરી છે, અરજદારે પેરા–૧૧ માં જણાવેલ વિગત તદન ખોટી છે. પેરા–૧૨ ની વિગતે જણાવવાનું કે, પેરા–૧૨ ની હકિકત તદ્દન ખોટી છે, અરજદાર અમારી સાથે સંયુક્ત કુટુંબમાં રહેવા માટે તેમજ સંસાર ચલાવવા રાજી હોય અમો તેડી જવા તૈયાર છીએ, અમોએ અરજદારનો કોઈ ત્યાગ કરેલ નથી અરજદારે અમોને હેરાન પરેશાન કરવા ખોટો કેસ કરેલ છે.

(૩) આ કામે અરજદાર તરફે નીચે મુજબના પુરાવા રજુ કરેલા છે.

**મૌખીક પુરાવા :–**

આંક–૧૫ અરજદાર નં. ૧ સનાબાનુ વા/ઓ. અફઝલહુસેન ફારૂકી,

**દસ્તાવેજી પુરાવા :–**

| | |
|---|---|
| આંક–૨૮ | અરજદાર નં. ૧ નું આધારકાર્ડ |
| આંક–૨૯ | નિકાહ સર્ટીફીકેટ |
| આંક–૩૦ | લગ્ન સર્ટીફીકેટ |
| આંક–૩૧ | કરીયાવર અંગેનું લીસ્ટ |
| આંક–૩૨ | અરજદાર તથા સામાવાળના પુત્રનું બર્થ સર્ટી. |
| આંક–૩૩ | સામાવાળાનો મોટરકાર સાથેનો ફોટોગ્રાફ |
| આંક–૩૪ | સામાવાળાએ રજીસ્ટ્રેશન કરાવેલ ફીની પહોચ |
| આંક–૩૫ | આર.ટી.ઓ. તરફથી આપવામાં આવેલ ફોર્મ નં. ૨૫ અને આર.સી.બુકની વિગત |

ઉપરોકત પુરાવા રજુ કર્યા બાદ અરજદાર તરફે આંક–૧૬ થી કલોઝીંગ પુરશીશ રજુ કરવામાં આવેલ છે.

(૪) આ કામે સામાવાળા તરફે નીચે મુજબના પુરાવા રજુ કરેલા છે.

**મૌખીક પુરાવા:–**

આંક–૧૮ સામાવાળા નં. ૧ અફઝલહુસેન સ/ઓ મહમદહુસેન ઉર્ફે મુન્નાબાપુ ફારૂકી

આંક–૨૨ ઉબેદુલ્લા મહેબુબમીયા કાદરી

**દસ્તાવેજી પુરાવા :–**

આંક–૩૬ પગાર સ્લીપ

આંક–૩૭ સુરેન્દ્રનગર એસ.બી.આઇ. બેંકનું સ્ટેટમેન્ટ

આંક–૩૮ સુરેન્દ્રનગર એ.યુ. સ્મોલ ફા. બેંકનું સ્ટેટમેન્ટ

આંક–૩૯ ગાંધીનગર એચ.ડી.એફ.સી. બેંકનું સ્ટેટમેન્ટ

આંક–૪૦ અફજલ મહમદનું મારવાડી સ્ટોકનું સ્ટેટમેન્ટ

ઉપરોકત પુરાવા રજુ કર્યા બાદ સામાવાળા તરફે આંક–૨૫ થી કલોઝીંગ પુરશીશ રજુ કરવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ આ કામે બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ છે. આમ, રેકર્ડ ઉપરની તમામ હકીકતો ઉપરથી આ અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુ દ્દા ::–**

મુદ્દા નં.૧. શું અરજદાર અને સામાવાળાએ લગ્ન કરેલ હતા કે કેમ? તેઓ પતિ પત્ની તરીકે રેતા હોય અને ઓળખાવેલ હોય કે કેમ ?

મુદ્દા નં.૨. શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળા દ્રારા અરજદાર પર ઘરેલું હિંસાખોરી આચરવામાં આવેલ છે?

મુદ્દા નં.૩. શું અરજદાર ઘરેલું હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતા કાયદાની કલમઃ ૧૮ અરજદારને સામાવાળા જાતે તેમજ કૌટુંબિક હિંસાની ભોગ બનાવે નહી અને સ્ત્રી ધનની ચીજવસ્તુઓ નિકાલ કરે નહી તેમજ દરદાગીના સુપરત મેળવવા હકકદાર છે.

મુદ્દા નં.૪. શું અરજદાર ઘરેલું હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતા કાયદાની કલમઃ ૧૯ મુજબ મકાનનું ભાડું મેળવવા હકકદાર છે? જો હા, તો કેટલું?

મુદ્દા નં.૫. શું અરજદારો ઘરેલું હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતા કાયદાની કલમઃ ૨૦ મુજબ ભરણપોષણ મેળવવા હકકદાર છે? જો હા, તો કેટલું?

મુદ્દા નં.૬. શું અરજદાર ઘરેલું હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતા કાયદાની કલમઃ ૨૨ મુજબ શારીરીક અને માનસિક ત્રાસના વળતર પેટે મેળવવા હકકદાર છે?

મુદ્દા નં.૭. શું હુકમ?

**સદર અરજદારની અરજીના નિર્ણય નીચે મુજબ છે.**

મુદ્દા નં.૧. હકારમાં.
મુદ્દા નં.૨. હકારમાં.
મુદ્દા નં.૩. હકારમાં.
મુદ્દા નં.૪. અંશત:હકારમાં.
મુદ્દા નં.૫. અંશત:હકારમાં.
મુદ્દા નં.૬. અંશત:હકારમાં.
મુદ્દા નં.૭. આખરી હુકમ મુજબ.

**–// <u>કારણ</u> //–**

**<u>પુરાવાનું મુલ્યાંકન:–</u>**

(૬) ઉપરોકત તમામ મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય તેથી એકની એક હકીકતોનું પુનરાવર્તન ટાળવાનાં હેતુસર આ તમામ મુદ્દાઓની સંયુકત ચર્ચા કરવામાં આવેલ છે.

આ કામે અરજદારે દાદમાં સામાવાળાઓથી રક્ષણ, રહેઠાણની વ્યવસ્થા, મકાન ભાડા પેટે રૂા. ૧૦,૦૦૦/- તથા ઘરેલું હિંસાથી રક્ષણ અપાવવા તથા સ્ત્રીધન કરીયાવર તથા ફરીયાદ સાથેના લીસ્ટ મુજબનો માલસામાન સામાવાળાઓના કબજામાંથી પરત અપાવવા તથા અરજદારો નં. ૧ ના ભરણપોષણ તથા નિભાવ માટે દર મહીને રૂા. ૧૦,૦૦૦/- તથા સગીર પુત્રને રૂા. ૫૦૦૦/- મહીને ભરણપોષણની માંગણી કરેલ છે તેમજ ઘરેલું હિંસાથી ભોગવવી પડેલ માનસીક યાતના લાગણીશીલ પીડા સહન કરવા બદલ વળતર પેટે રૂા. ૨,૦૦,૦૦૦/- ની માંગણી કરેલ છે. સદર દાદો મંજુર થવા પાત્ર છે કે કેમ અને જો હોય તો કઈ દાદ કેટલી હદે મંજુર થવા પાત્ર છે, તે બાબતે નિર્ણય કરવા માટે રેકર્ડ પર પડેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનુ રહે છે.

(૭) સદર કામે પડેલ પુરાવાઓનુ મુલ્યાંકન કરતા પહેલા આ તબકકે કૌટુંબીક હિંસાથી સ્ત્રી રક્ષણના કાયદાની કલમ-(૩) માં કૌટુંબીક હિંસાની જે વ્યાખ્યા કરવામાં આવેલ છે તે વ્યાખ્યા કલમ-(૩) માં કરેલ છે તેને લક્ષમાં લેતાં હવે એ પણ તપાસવાનુ રહે છે કે, આ કામના અરજદારને કલમ-૩ મુજબ કોઈ કૌટુંબીક હિંસા થયેલ છે કે કેમ? આ કામે અરજદાર તરફે જે દલીલો કરેલી છે તેના સંદર્ભમાં આ કામમાં પડેલો પુરાવો ઉપરોકત હકીકતના સંદર્ભમાં તપાસવામાં આવે તેમજ ઘરેલુ હિંસા ધારાની કલમ-૩ ની વ્યાખ્યા મુજબ સામાવાળાઓ દ્વારા અરજદાર પરત્વે કોઈ ઘરેલુ હિંસા આચરવામાં આવેલ છે કે કેમ ? ઘરેલુ હિંસાનો વ્યાપ જોઈએ તો ઉપેક્ષા એ ભાવાત્મક શબ્દ છે. તેમજ માનસિક પ્રક્રિયા દ્વારા ફલીત થતી લાગણી છે. ઉપેક્ષા સામાન્ય રીતે વાણી અને વર્તનમાંથી ઉતરી આવે છે. પત્નીના કિસ્સામાં જોવામાં આવે તો પત્નીને અંગત

જીવનમાં કૌટુંબીક રીતે તથા બાહ્ય જીવનમાં સામાજીક રીતે એક પત્નીનો દરજ્જો પ્રાપ્ત થાય તે આવશ્યક છે. સતત અપમાનિત વ્યવહાર માનસિક ત્રાસ ગણાય. તેમજ તે પ્રત્યક્ષ ઉપેક્ષા તથા આડકતરો ઈન્કાર ગણી શકાય. તેના કારણે વ્યકિતનુ સ્વમાન ઘવાય છે. તેમજ લાગણી દુભાય છે. માત્ર બે વખતનુ જમવાનુ મળે અને રહેવા માટેનો આશ્રય મળે તે ભરણ–પોષણ માટે પુરતુ નથી. પરંતુ, માનવીને માનવ તરીકે મુલવવામાં આવે તે બાબત પણ અગત્યની છે. અરજદારનુ ભાવનાત્મક શોષણ અને માનસિક સુખાકારી હણાવી અને ભાવનાત્મક શોષણ થવુ એ કોઈ દ્રશ્ય બાબત નથી પરંતુ જે વ્યકિતએ તે બાબત અનુભવેલી હોય તે જ વર્ણવી અને અનુભવી શકે તે માટે કોઈ મૌખિક કે લેખિત પુરાવો મળવો મુશ્કેલ છે. પતિ પત્નીના જીવનમાં અંતરંગ બાબતો વિશે ભાગ્યે જ કોઈને જાણ હોય છે અને આવા પ્રસંગે કાયદાનો જે છે તેને લક્ષમાં લઈને પુરાવાનો મુલ્યાંકન કરવાનો રહે છે.

<u>કલમ–૧૮ મુજબની ચર્ચા</u>

(૮) સદરહુ કામે અરજદારણની અરજી તથા આંક–૧૧ થી સોગંદ ઉપરની જુબાનીની હકીકતો ધ્યાને લેતાં સામાવાળા નં. ૧ અરજદારણના પતિ થાય છે. સામાવાળા સાથે ડોમેસ્ટીક રીલેશન હોવાની હકીકત અરજદારણના મૌખિક પુરાવાથી સાબિત થયેલી છે અને તેનો સામાવાળા પક્ષે તે હકીકતને કોઈપણ રીતે નકારેલ નથી. વધુમાં, અરજદારણનો મૌખિક પુરાવો ધ્યાને લેતાં અરજદારણના લગ્ન બાદ સામાવાળા દ્વારા શારીરીક–માનસિક ત્રાસ આપતા હોવાના આક્ષેપ કરેલ છે. હાલના પ્રકારના કિસ્સાઓમાં ઘરેલુ હિંસાની હકીકતને કોઈ બહારની વ્યકિત જવલેજ સાક્ષી હોઈ શકે. વળી, આવી હકીકતો ઘરની ચાર દિવાલો વચ્ચેની હકીકતો છે. વળી, સામાન્ય સંજોગોમાં કોઈપણ સ્ત્રી પોતાનુ જીવન સંસાર છોડી પોતાનુ પતિગૃહ છોડી ચાલી જાય નહી. આમ, ઉપરોકત હકીકતની સાથે ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–૩ માં કૌટુંબીક હિંસા

બાબતની અગાઉ ચર્ચા કરવામાં આવેલી છે તેને ધ્યાને લેતાં સદર કાયદાની જોગવાઈ મુજબનો ઘરેલુ હિંસાનો બનાવ બનવા પામેલો છે તેમ પડેલ પુરાવા પરથી સાબીત થાય છે. જયારે તે સાબિત થયેલુ હોય ત્યારે આવી સ્ત્રીને રક્ષણનો આદેશ આપવો ન્યાયીક અને યોગ્ય છે. વળી, તે જ હાલના કાયદાનો મુળભુત ઉદ્ધેશ છે. જેથી વ્યથિત વ્યકિત એટલે કે, અરજદારણ ઉપર કૌટુંબીક હિંસા થયેલી હોવાનુ પ્રથમ દર્શનીય જણાઈ આવતુ હોઈ તેવા સંજોગોમાં રક્ષણનો આદેશ કરવો કોર્ટને વ્યાજબી જણાય આવે છે.

<u>કલમ–૧૯ મુજબની ચર્ચા</u>

(૯) વધુમાં, હાલના કામે પડેલ પુરાવો ધ્યાને લેતાં સામાવાળા નં.૧ દ્વારા અરજદારણ ઉપર ઘરેલુ હિંસા આચરવામાં આવેલ હોવાનુ પુરવાર થયેલુ હોઈ કોઈ વ્યથિત સ્ત્રીને ફરીથી પતિ પાસે રહી માનસિક શારીરીક યાતના સહન કરવાની કોર્ટ ફરજ પાડી શકે નહી તેમ કોર્ટ માને છે તેથી અરજદારણને રહેઠાણ માટેની છત મળી શકે તે જોવુ કોર્ટની ફરજ બની રહે છે. વળી, આ કામે સામાવાળા નં.૧ નાએ અરજદારણની રહેઠાણની વ્યવસ્થા કે તેઓના ભરણ–પોષણની વ્યવસ્થા કરેલ હોય તેવી કોઈ હકીકત સબળ પુરાવાથી રેકર્ડ પર આવેલ નથી. આમ, પક્ષકારોની આર્થિક સ્થિતિ, જીવનધોરણ વિગેરે ધ્યાને લેવામાં આવે તો સામાવાળા નં.૧ નાઓની આર્થીક પરીસ્થીતી સામાન્ય હોવાની રેકર્ડ પરથી જણાય આવે છે. જેથી અરજદારણને રહેઠાણનુ ભાડુ ચુકવી આપવા વ્યાજબી જણાય આવે છે.

<u>કલમ–૨૦ મુજબની ચર્ચા</u>

(૧૦) હાલના કામે અરજીની હકીકતોની સાથે આંક–૧૧ થી અરજદારણના મૌખીક પુરાવાની સાથે અરજદાર તરફેનાં વિ. વ. શ્રીની મૌખીક દલીલો ધ્યાને લેતા આ કામના સામાવાળા વાર્ષિક સાત થી આઠ લાખ વાર્ષિક આવક મેળવે છે પરંતુ તે બાબતે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જેથી અરજદાર દ્વારા

સામાવાળાની જણાવેલ આવકને સંપુર્ણપણે પુરવાર થયેલ માની શકાય નહી. જેથી અરજદારોના માસીક ભરણ–પોષણ પેટે માંગ્યા મુજબની દાદ આપી શકાય નહી પણ આજના સમયની મોંઘવારી વિગેરે ધ્યાને રાખી તેમજ પતિ પત્નીના તથા સગીર પુત્રીના ભરણપોષણની જવાબદારી હોય છે તે કાયદાકીય સિદ્ધાંતને ધ્યાને રાખી લઘુતમ ભરણ–પોષણની રકમનો હુકમ ચોક્કસ થવો જોઇયે તેવું આ કોર્ટનું માનવું છે.

<u>કલમ–૨૨ મુજબની ચર્ચા</u>

(૧૧) વધુમાં ઘરેલુ હિંસાના કાયદાની કલમ–૨૨ હેઠળ અરજદારણને વળતર માટેનો પણ યોગ્ય હુકમ કરી રૂા. ૨,૦૦,૦૦૦/–ની માંગણી કરવામાં આવેલી છે આમ, અરજદારણે જે વળતરની માંગણી કરેલ છે તેની સાથે ઘરેલુ હિંસાના કાયદાની કલમ–૨૨ ની જોગવાઇઓ ધ્યાને લઇએ તો સામાવાળાઓ દ્વારા અરજદારની ઉપર કૌટુંબીક હિંસાના કૃત્ય કરી માનસિક ત્રાસ તેમજ ભાવનાત્મક સંતાપ આપવામાં આવેલાનુ સાબિત થયેલુ છે. વળી જયારે હાલની કલમ હેઠળ વળતરનો આદેશ કરવાનો હોય ત્યારે નુકશાન શું થયુ છે અને વળતર પાત્ર છે કે કેમ? તે નકકી કરવાનુ રહે છે. પરંતુ માનસિક ત્રાસ કે ભાવનાત્મક સંતાપ પહોંચાડવામાં આવેલ હોય તેના ઉપરથી પણ વળતરની રકમ નકકી કરી શકાય છે. વળી, અગાઉ ચર્ચા કરી તે મુજબ આવી વ્યથિત સ્ત્રી કે જે પગભર નથી અને તેને માત્ર ભરણપોષણની વ્યવસ્થા માટેનો હુકમ કરવામાં આવેલો છે અને પોતાના જીવનનિર્વાહ માટે સમાજમાં કોઇ મદદ વગર એકલીએ પોતે પગભર થવાનુ રહે છે. તેવા સંજોગોમાં વૈકલ્પીક ભાડાના મકાનમાં રહેવા માટે મકાન ભાડાની ચુકવણીનો હુકમ કરવા સુધી મર્યાદીત રહેતુ નથી. પરંતુ, આવા ભાડાના મકાનમાં રહેવા માટે કોઇપણ વ્યકિતની જીવન જરૂરીયાત કે જે ઘર શરૂ કરવા માટે જરૂરી હોય તેવા વાંસણ–કુસણ, ગાદલા વિગેરે પ્રકારની ચીજોની પણ જરૂર પડતી હોય છે. વળી, હાલના કામે માનસિક

ત્રાસ અને ભાવનાત્મક ક્ષમતા ભોગવી રહેલી વ્યથિત સ્ત્રી માટે વળતરનો આદેશ કરવો ખુબ જ જરૂરી અને ન્યાયીક જણાય છે. જેથી વળતર પેટે અમુક રકમ ચોક્કસપણે મળવી જોઈયે તે આ કોર્ટનું નમ્રપણે માનવું છે. પરંતુ શારીરીક અને માનસીક ત્રાસથી અપમાનીત કરેલ છે તે બદલ ખર્ચ પેટે માંગેલ રકમના સમર્થનમાં અરજદાર દ્ધારા આજદીન સુધી કોઇ સ્પષ્ટતા કરેલી નથી તેમજ કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી જેથી અલગથી રકમ આપવાનુ વ્યાજબી જણાતુ નથી.

(૧૨) ઉપરોકત કાયદાકીય ચર્ચા તેમજ કેસની હકીકત અને અરજદાર ધ્વારા માંગણી કરેલ દાદ ધ્યાને લેતા, તેમજ નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા રજનીશ વર્સીસ નેહાના કેસમાં સામાવાળાએ પોતાની આવક સોગંદ ઉપર જણાવવાની જવાબદારી નાખેલ છે જે ધ્યાને લેતા આ કામના સામાવાળા આંક–૭ થી સોગંદનામું રજુ કરેલ છે તેના કોલમ એફ–૩ માં તેઓએ પોતાની માસીક આવક રૂા. ૪૫,૯૯૩/– જણાવેલ છે અને જેના સમર્થનમાં તેઓએ આંક–૩૬ થી પગાર સ્લીપ રજુ કરેલ છે. તે ધ્યાને લેતા તેઓની આવક ૨૦૨૪ ના વર્ષમાં રૂા. ૪૫,૯૯૩/– હતી. વધુમાં આંક–૭ ના સોગંદનામામાં સામાવાળા નં. ૧ નાઓ ઉપર તેઓના માતા, પિતા, બે બહેનો, ભાઇ, પત્ની તથા પુત્ર એક કુલ સાત વ્યકિતઓની જવાબદારી છે અને અંદાજીત ખર્ચ રૂા. ૩૫,૦૦૦/– થતો હોવાનું સી–૩ ના કોલમમાં જણાવેલ છે. વધુમાં આ ખર્ચનું પ્રમાણ કે તે બાબતે કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. વધુમાં આ કામના અરજદારનાઓ પણ આંક–૯ થી રજનીશ નેહા મુજબનું સોગંદનામું રજુ કરેલ છે જેમાં તેઓએ પોતાની આવક કાંઈ જણાવેલ નથી તેમજ કોઈ દસ્તાવેજી પુરાવો પણ રજુ કરેલ નથી જેમાં અરજદાર કોઈ નોકરી કરતા હોય અને તેઓને પગાર મળતો હોય તેવું ફલીત થતું નથી. જેથી એવુ ફલીત થાય છે કે, અરજદાર હાલ પોતાના પિતા ઉપર આશ્રિત છે. વધુમાં અરજદાર પોતાના આંક–૧૧ વાળા

સરતપાસના સોગંદનામામાં સામાવાળા તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત સ્પષ્ટપણે સ્વીકાર કરે છે કે મને જો મારા પતિ સુરેન્દ્રનગર મુકામે તેડીને લઇ જાય તો હું જવા માટે તૈયાર નથી તેમજ એવી હકીકત પણ સ્વીકાર કરે છે કે અમો અરજદારને સામાવાળા સાથે ગાંધીનગર મુકામે રહેવા જવાનું હતું પરંતુ, રહેવા માટે ગાંધીનગર ગયેલ નહી ત્યારબાદ આ ઝગડા શરૂ તયેલા. ત્યારે આ હકીકત જોતાં અરજદાર પોતે જ સામાવાળા સાથે રહેવા તૈયાર ન હોવાનું જણાઇ આવે છે.

(૧૩) વધુમાં આંક–૭ ના સોગંદનામામાં તેમજ સામાવાળા નં. ૧ નાઓ ધ્વારા રજુ કરેલ પગાર સ્લીપ તેમજ ખાતાના સ્ટેટમેન્ટ ઉપરથી એવુ ફલીત થાય છે કે સામાવાળા નં. ૧ મહીનાના રૂા. ૪૫,૯૯૩/–ની આવક ધરાવે છે, હવે સામાવાળા નં. ૧ નાઓના આશ્રિત જેઓ કે જેમના ઉપર સામાવાળા નં. ૧ નાઓને પોતાના પગારમાંથી ખર્ચ કરી સાર સંભાળ કરવી પડે તે બાબતે પડેલ તમામ દસ્તાવેજી તેમજ મૌખીક પુરાવો ધ્યાને લેતા આંક–૧૮ ની ઉલટતપાસ દરમ્યાન સામાવાળા નં. ૧ નાએ કબુલ કરેલ છે કે, તેઓ ગાંધીનગર મુકામે મહાનગરપાલીકામાં સીનીયર કલાર્ક તરીકે ફરજ બજાવે છે તથા તેઓના ઉપર તેઓના માત–પિતા તથા નાના ભાઇ બહેન તેઓના ઉપર આશ્રિત છે એટલે કે આંક–૭ વાળા સોગંદનામામાં જણાવેલ હકીકતે સમર્થન મળે છે.

(૧૪) આ તબકકે અરજદારનાઓ ધ્વારા ભાડા પેટે ઘરેલું હિંસા અધિનિયમની કલમ–૧૭ મુજબ અરજદારે માસિક ભાડું રૂા. ૧૦,૦૦૦/– ની માંગણી કરેલ હોય પરંતુ ગોંડલમાં રહેતા હોય અને જો તેઓ ગોંડલમાં પણ રહેવા માગતા હોય તો ગોંડલ, ગુજરાત રાજ્યમાં હાઉસ રેન્ટ અલાઉન્સના રૂલ્સ પ્રમાણે ગોંડલ તાલુકાને "Z" કેટેગરીમાં રાખવામાં આવેલ છે જે પહેલા "C" અને અનકલાસિફાઈડ વિભાગમાં હતુ તેમજ સામાવાળા નં.૧ નાઓની

માસિક આવક ધ્યાને લેતા અરજદાર ધ્વારા ભાડા પેટે કરેલ માંગણી માસિક રૂા.૧૦,૦૦૦/– ઉચિત જણાતી નથી પરંતુ ઉપરોકત ચર્ચા તેમજ અરજદાર લગ્ન દરમ્યાન જે સ્થિતિમાં સાસરીયામાં રહેતા હતા તે જાળવી રાખવા ધ્યાને લેતા માસિક રૂા.૪,૦૦૦/– ઉચિત જણાય આવે છે.

**(૧૫)** હવે અરજદારનાઓ ધ્વારા પોતાનું ભરણ પોષણ માટે માસિક રૂા. ૧૦,૦૦૦/– તેમજ અરજદાર નં. ૨ ના ભરણ પોષણ માટે રૂા.૫,૦૦૦/– ની માંગણી કરેલ છે. જે બાબતે ઉપરોકત પેરા–૧૨ માં કરેલ ચર્ચા મુજબ સામાવાળા નં. ૧ નાઓએ માસિક રૂા. ૪૫,૯૯૩/– આવક ધરાવતા હોય અને તેઓને પોતાનો અંગત ખર્ચ ધ્યાને લેતા તેમજ હાલ અરજદાર ગોંડલ મુકામે રહેતા હોય જેથી અરજદાર નાઓની ભારતીય ઘરેલું હિંસા અધિનિયમની કલમ–૨૦ મુજબ અરજદાર નં.૧ ને માસિક રૂા.૫,૦૦૦/– તથા અરજદાર નં.૨ ને માસિક રૂા. ૩,૦૦૦/– ઉચિત જણાય આવે છે.

**(૧૬)** વધુમાં અરજદાર નાઓએ રજુઆત કરેલ છે કે, તેમના ધ્વારા તેમની સ્ત્રીધન કરીયાવર તેમજ ફરીયાદ સાથે તમામ માલ–સામાનની મુકેલ લીસ્ટ મુજબ આપવા. તે બાબતે સમગ્ર રેકર્ડની ચકાસણી કરતા આ કામના અરજદાર કોઈ માલસામાન કે કરીયાવરની લીસ્ટ આપેલ છે તે મુજબ અરજદારને કરીયાવરનો સામાન પરત કરવો. જેથી ઉપરોકત ચર્ચા ધ્યાને લઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**///આ ખ રી હુ ક મ///**

અરજદારની ઘરેલુ હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૨ હેઠળની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે અને સદર ધારા કલમ–૧૭, ૧૮, ૧૯, ૨૦ અને ૨૨ હેઠળ નીચે મુજબના આદેશો કરવામાં આવે છે.

(૧) સામાવાળાઓને ઘરેલુ હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમની કલમ–૧૮ હેઠળ આદેશ કરવામાં આવે છે કે, અરજદારણ પરત્વે કોઇપણ પ્રકારનુ કૌટુંબીક હિંસાનુ કાર્ય કરવુ નહી.

(૨) ઘરેલુ હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમની કલમ–૧૯ હેઠળ સામાવાળા નં.૧ નાઓને આદેશ કરવામાં આવે છે કે, અરજદારોની રહેણાંકની તમામ સુવિધાઓ માટે ભાડા પેટે દર માસે રૂ.૪૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) અરજીની તારીખથી વખતો–વખત નિયમિત દર માસની તા. ૧ થી ૧૦ વચ્ચે ચુકવવા. અરજીની તારીખથી આજરોજ સુધી ચઢેલ રકમ દિન–૩૦માં ચુકવી દેવી.

(૩) ઘરેલુ હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમની કલમ–૨૦ હેઠળ સામાવાળા નં.૧ નાઓને આદેશ કરવામાં આવે છે કે, અરજદાર નં. ૧ ને માસીક રૂા. ૫૦૦૦/– તથા અરજદાર નં. ૨ ને માસીક રૂા. ૩૦૦૦/– ભરણપોષણ પેટે દર માસે અરજીની તારીખથી વખતો–વખત નિયમિત દર માસની તા. ૧ થી ૧૦ વચ્ચે ચુકવવા. અરજીની તારીખથી આજરોજ સુધી ચઢેલ તમામ અરજદારોની ભરણપોષણ પેટેની રકમ દિન–૩૦માં ચુકવી દેવી.

(હાલના ભરણ–પોષણના હુકમના નાણાં અન્ય કોઈ કાયદા હેઠળ ભરણ–પોષણ પેટે હુકમ થયેલ હોય તો તે હાલની ભરણ–પોષણ રકમ સાથે સેટ–ઓફ એટલે કે મજરે કરવાના રહેશે.)

(૪) અરજદારે સામાવાળાના કબજામાં રહેલ તમામ ઘરેણા તેમજ કરીયાવરની તમામ ચીજ–વસ્તુઓ બાબતે પ્રોટેકશન ઓફીસરશ્રી નાઓને આદેશ કરવામાં આવે છે કે તેઓ આ કામે રજુ થયેલ લીસ્ટ પ્રમાણે સામાવાળા પાસેથી પરત કરાવી.

(૫) ઘરેલુ હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ ની કલમ–૨૨ હેઠળ સામાવાળા નં.૧ નાઓને આદેશ કરવામાં આવે છે કે, અરજદારને

વળતર પેટે રૂ. ૫૦,૦૦૦/–(અંકે રૂપિયા પચાસ હજાર પુરા) દિન–૩૦ માં ચુકવવા.

(૬) સામાવાળા નં. ૧ નાએ અરજદારને આ અરજીના ખર્ચ પેટે રૂા. ૫૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હાજર પુરા) ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૨૪ ની જોગવાઇઓ મુજબ આ ઠરાવની એક નકલ અરજદારને ફ્રી ઓફ કોસ્ટ પુરી પાડવી.

(૮) જયારે ઠરાવની એક નકલ પ્રોટેકશન ઓફીસર તરફ તથા સંબંધિત પોલીસ સ્ટેશન ગોંડલ શહેરનાઓને હુકમ મુજબ અમલવારી થવા મોકલી આપવી.

હુકમ આજરોજ તા. ૧૬ મી, માંહે: માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૬/૦૩/૨૦૨૬
ગોંડલ.

**(આર.એસ.રાઠૌડ)**
ત્રીજા અધિક ચીફ જયુડી. મેજી.,
ગોંડલ. (GJ01374)